એકમ 4

# ભારતમાં જાહેર ખર્ચ : અસરો, વલણ અને વધવાનાં કારણો

-: રૂપરેખા :-


4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 જાહેર ખર્ચની અસરો

4.2.1 જાહેર ખર્ચાઓની ઉત્પાદન પરની અસરો

4.2.2 જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો

4.2.3 જાહેર ખર્ની અન્ય અસરો

4.3 ભારતમાં જાહેર ખર્ચનું વલણ : કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ખર્ચનાં વલણો

4.4 જાહેર ખર્ચ વધવાનાં કારણો

4.5 સારાંશ

4.6 ચાવીરૂપ શબ્દો

4.7 તમારી પ્રગતિ ચકાસો

⇨ કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી

⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 4.0 ઉદ્દેશો :

❖ આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે :

- જાહેર ખર્ચના ખ્યાલને વ્યાખ્યાયિત કરી શકશો.
- રાજ્યના વધતાં જતા જાહેર ખર્ચનાઁ કારણો સમજી શકશો.
- સરકાર જે જાહેર ખર્ચ કરે છે તેની સાનુકૂળ અને પ્રતિકૂળ એમ બંને પ્રકારની અસરો જાણી શકશો.
- ભારતના સંદર્ભે 1981-82થી 2019-20ના સમયગાળા દરમિયાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના જાહેર ખર્ચ અંગેનાં વલણો અંગેની વિવિધ પ્રકારના ખર્ચની સમજૂતી મેળવી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

રાજ્ય સામાન્ય રીતે કેટલાક ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને જાહેર ખર્ચ કરે છે. જાહેર ખર્ચ એટલે રાજ્ય દ્વારા કરવામાં આવતો ખર્ચ, આર્થિક વિકાસ અને સામાજિક વસ્તુઓની જરૂરિયાતો સંતોષવા સરકારે ખર્ચ કરવો પડે છે. તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અને પંચાયતો દ્વારા થતા ખર્ચનો સમાવેશ થાય છે. 19મી સદી દરમિયાન જાહેર ખર્ચની ઉપેક્ષા કરવામાં આવી અને માત્ર જાહેર આવકના પ્રશ્નોને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. અગાઉના

સમયગાળા દરમિયાન સ્વૈર-પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવેલો હોવાથી જાહેર ખર્ચનું પ્રમાણ ઓછું રહેતું હતું. રાજ્યનું કામ માત્ર કાયદો-વ્યવસ્થાની જાળવણી કરવાની હોવાથી 'પોલીસ રાજ્ય' (Police State) તરીકે ઓળખાતું.

આધુનિક રાજ્યે 'કલ્યાણ રાજ્ય' (Welfare State)નો હેતુ સ્વીકાર્યો હોવાથી જાહેર ખર્ચમાં વધારો થવાનું વલણ જોવા મળે છે. દેશ નાનો હોય કે મોટો હોય, મૂડીવાદી હોય કે સામ્યવાદી, ગરીબ હોય કે ધનિક હોય બધા જ દેશોમાં જાહેર ખર્ચમાં વધારો થયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે રાજ્યના કાર્યક્ષેત્રનો વ્યાપ વધ્યો છે તેમજ કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી ખર્ચાઓ જરૂરી બન્યા છે. પ્રો. વીટો તાંઝી (Vito Tanzi) અને પ્રો. લુડગર શુકનેટ (Ludger Schuknecht) એ ઔદ્યોગિક દેશો પર કરવામાં આવેલ અભ્યાસ '20મી સદીમાં જાહેર ખર્ચ' (Public Spending in the 20th century A Global Prospective), ના આધારે બે વિશ્વયુદ્ધોને લીધે જાહેર ખર્ચમાં વધારો નોંધાયો હતો. પરંતુ 1960 અને 1980ના દાયકામાં આ દેશોના જાહેર ખર્ચમાં ઝડપી વધારો થવા માટેનું કારણ આ ગાળા દરમિયાન અર્થવ્યવસ્થામાં રાજ્યની વધેલી સક્રિય ભૂમિકાએ ભાગ ભજવ્યો હતો. રાજ્ય દ્વારા સામાજિક સલામતીની યોજનાઓ, કેળવણી, સ્વાસ્થ્ય, પેન્શન વગેરેની નીતિએ જાહેર ખર્ચમાં થયેલા વધારામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

જોકે, 1980 અને 1990ના દાયકામાં રાજ્યની જાહેર ખર્ચ અંગેની ભૂમિકા બદલાયેલી છે, જેના કારણે વલણો બદલાયાં છે. વધતા જાહેર ખર્ચમાં ઘટાડાના આ અભિગમનાં મૂળમાં આર્થિક સુધારો રહેલ છે. 19મી સદીમાં એડોલ્ફ વેગ્નર નામના અર્થશાસ્ત્રીએ રાજ્યના વધતા ખર્ચનો નિયમ રજૂ કર્યો. તેમના મત પ્રમાણે સરકારી ખર્ચમાં વધારો થવા માટેનું સ્વાભાવિક વલણ હોય છે. વેગ્નરના મતે, "ઔદ્યોગીકરણ પામતા દેશોમાં માથાદીઠ આવકમાં થતા વધારાની સાથેસાથ જાહેર ક્ષેત્રનું સાપેક્ષ મહત્ત્વ વધવા પામે છે." વેગ્નર માને છે કે, વ્યક્તિની આવક વધતાં સરકારી સેવાઓનું સાપેક્ષ મહત્ત્વ વધે છે, પરંતુ જો સરકારી સેવાઓ અંગેની આવક સાપેક્ષતા ખાનગી વસ્તુઓની આવક સાપેક્ષતા કરતાં વધુ હોય છે. આમ, જ્યારે લોકોની આવક નીચી હોય ત્યારે કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ સિવાયની સરકારી પ્રવૃત્તિની જરૂરિયાત ખોરાક, કપડાની પ્રાથમિક જરૂરિયાત જેટલી રહેતી નથી, પરંતુ જેમ આવક નીચી હોય ત્યારે કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણ વગેરે જાહેર સેવાની માંગમાં વધારો થાય છે. આમ, આવકની અમુક હદ સુધી જાહેર સેવાઓ માટેની આવક સાપેક્ષતા વધુ હોય છે.

❖ જાહેર ખર્ચના ઉદ્દેશો :

સામાન્ય રીતે રાજ્ય નીચેના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને જાહેર ખર્ચ કરતી હોય છે.

(1) દેશનું આંતરિક અને બાહ્ય સંરક્ષણ કરવા

(2) કાયદો અને રાજ્યની વ્યવસ્થા જાળવવા

(3) દેશનો આર્થિક વિકાસ સાધવા

(4) અર્થતંત્રની આર્થિક સ્થિરતા જાળવવા

(5) આવક અને સંપત્તિની અસમાનતા નિવારવા

(6) સામાજિક કલ્યાણની યોજનાઓ

(7) લોકો માટે સામૂહિક સેવાઓ પૂરી પાડવા

(8) અર્થતંત્રનો વહીવટ ચલાવવા અને નિભાવવા

## 4.2 જાહેર ખર્ચની આર્થિક અસરો :

અર્થતંત્રમાં સરકાર જે જાહેર ખર્ચ કરે છે તેની સાનુકૂળ અને પ્રતિકૂળ એમ બંને પ્રકારની અસરો થાય છે. ડૉ. ડાલ્ટનો એ જાહેર ખર્ચની અસરોનો અભ્યાસ નીચે મુજબના ત્રણ વિભાગ હેઠળ વહેંચેલ છે, તે મુજબ આપણે અભ્યાસ કરીશું.

4.2.1 જાહેર ખર્ચની ઉત્પાદન પરની અસરો :

જાહેર ખર્ચની ઉત્પાદન પરની અસરોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય :

➢ કામ કરવાની અને બચત કરવાની શક્તિ પરની અસર :

જાહેર ખર્ચ અનેક રીતે લોકોની કામ કરવાની અને બચત કરવાની શક્તિ વધારનારું પરિબળ છે. જાહેર ખર્ચના પરિણામે સમાજના લોકોની કાર્યક્ષમતામાં વધારો થાય છે. શિક્ષણ, તાલીમ, સંશોધન અને સામાજિક સેવાઓ જેવી કે સ્વાસ્થ્યના કાર્યક્રમો પાછળ રાજ્ય દ્વારા કરવામાં આવતો ખર્ચ ખૂબજ મહત્ત્વનો છે. આ સાથે જાહેર ખર્ચનો લાભ પ્રાપ્ત કરનાર લોકોની સાથે અન્ય સંબંધિત લોકોને પણ તેનો પરોક્ષ લાભ પ્રાપ્ત થાય છે. સામાજિક કલ્યાણની યોજનાઓનો લાભ લેનાર વ્યક્તિઓને નાણાકીય અથવા વાસ્તવિક લાભ મળે છે. તેની સાથે લાભ લેનારની બચત કરવાની શક્તિમાં વધારો થવાથી બચતશક્તિપ્રાપ્ત કરનાર સંસ્થાની આવકમાં વધારો થતાં તેમની મૂડીરોકાણ કરવાની શક્તિમાં વધારો થાય છે. દા.ત. તાલીમ પ્રાપ્ત કરવાની શ્રમિકને ઊંચા વેતનની રોજગારી મળે છે. એક તરફ ઉત્પાદકતા વધે છે જ્યારે બીજી બાજુ બચત શક્ય બને છે, જે સમયાંતરે મૂડીરોકાણમાં પરિણમે છે.

જાહેર ખર્ચની લોકોની બચત કરવાની શક્તિ પણ વધે છે. રાજ્ય ખર્ચ કરીને અમુક સગવડો જેવી કે, શિક્ષણ તબીબી સારવાર, રહેઠાણ જેવી સગવડો લોકોને પૂરી પાડે છે. રાજ્ય એ આ સગવડો પૂરી ન પાડી હોત તો વ્યક્તિને પોતાની આવકમાંથી ખર્ચ કરીને મેળવવી પડત. આમ, જાહેર ખર્ચના પરિણામે વ્યક્તિની વાસ્તવિક આવકમાં વધારો થાય છે. આમ, જાહેર ખર્ચના પરિણામે વ્યક્તિની આવક વધતાં બચતશક્તિ વધે છે.

આમ, શિક્ષણ, તાલીમ, સંશોધન, જાહેર આરોગ્યની સેવાઓ, સામાજિક માળખાકીય સુવિધાઓ વગેરે પાછળ રાજ્ય તરફથી કરવામાં આવતું ખર્ચ લોકોની કાર્યક્ષમતામાં વધારો કરી તેમની કામ કરવાની શક્તિમાં વધારો કરે છે.

➢ કામ કરવાની અને બચત કરવાની વૃત્તિ પરની અસરો :

જાહેર ખર્ચથી લોકોની કામ કરવાની અને બચત કરવાની વૃત્તિ ઉપર પણ અસર થાય છે. લોકોની કામ કરવાની શક્તિ સાથે તે અંગેની ઈચ્છા કે વૃત્તિ અગત્યની બાબત છે. જો લોકોની આ અંગેની વૃત્તિ વધે તો ઉત્પાદન પર સાનુકૂળ અસર થશે. સરકાર વિવિધ પ્રકારની સામાજિક સલામતીની યોજના પાછળ ખર્ચ કરે છે.

દા.ત. બેકારોને બેકારી ભથ્થું, વિધવા સહાય, વૃદ્ધોને પેન્શન, બીમારી વખતે રાહત દરે કે મફત સારવાર વગેરે તે જ પ્રમાણે ઉત્પાદકોને કરવેરામાં રાહત, સબસીડી, માળખાકીય સુવિધામાં વધારો, વિદેશી હરીફાઈ સામે રક્ષણ આપવા માટે ખર્ચ કરે છે. આ બધા જ ખર્ચની લોકોની કામ કરવાની વૃત્તિ અને બચત વૃત્તિ પર કેવી અસર પડશે, તે ચોક્કસ રીતે કહી શકાય નહીં, કેમ કે તેનો આધાર કેટલાંક પરિબળો પર અવલંબે છે. જો સરકાર લોકોને બિનશરતે

મદદ આપશે તો તેની ઉત્પાદન પર વિપરીત અસરો થશે. બીજાન શબ્દોમાં કહીએ તો, સામાજિક સલામતીની યોજનાઓ હેઠળ સરકાર ઘણી ઉદાર બિનશરતી મદદ કરે તો લોકોની કામ કરવાની અને બચત કરવાની વૃત્તિમાં ઘટાડો થાય એવી શક્યતા છે. દા.ત. જો સરકાર કોઈપણ શરત વગર બેકારી ભથ્થું ચૂકવે તો લોકોની કામ કરવાની અને બચત કરવાની વૃત્તિ ઘટી જશે. તેથી આ મદદ શરતી રાખવી જોઈએ. અમુક સંજોગોમાં કામદારના વલણમાં પરિવર્તન લાવીને કામ કરવાની વૃત્તિમાં વધારો કરી શકાય, જો સહાય પ્રમાણસર હોય તો કામ કરવાની અને બચત કરવાની વૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. લોકોની આવકની માંગની મૂલ્યસાપેક્ષતા પણ તેમની કાર્યવૃત્તિ અને બચત વૃત્તિને અસર કરે છે. જો આ મૂલ્ય સાપેક્ષતા સ્થિર હશે તો પ્રજા તેના પ્રવર્તમાન જીવનધોરણથી સંતોષ માનશે. પરિણામે સરકાર જ્યારે તેના માટે આ ખર્ચ કરશે ત્યારે તે પોતાનું ખર્ચ ઘટાડશે, ખર્ચ ઘટતાં આવક મેળવવાની તેની વૃત્તિ મોળી પડશે. એટલે તેમની કાર્યવૃત્તિ અને બચતવૃત્તિને અસર કરશે. આ જ બાબત ઉદ્યોગોને લાગુ પાડી શકાય. ઉદ્યોગોને કાયમ માટે સંરક્ષણ આપવામાં આવે તો હરીફાઈ ન થવાથી તેમની કાર્યક્ષમતા ઘટી જશે. એવા પ્રકારના ઉદ્યોગોને સહાય આપવી જોઈએ કે ભવિષ્યમાં વિદેશી ઉદ્યોગો સામે હરીફાઈ કરી શકે.

➢ સાધનોની ફેરબદલી કરવાની અસરો :

જાહેર ખર્ચના પરિણામે ઉત્પાદનનાં સાધનોની માંગ એક ક્ષેત્રમાંથી અન્ય ક્ષેત્રમાં બદલાય છે. જો ઉત્પાદનનાં સાધનો ખાનગી ક્ષેત્રો કરતાં જાહેર ક્ષેત્રોમાં વધુ હોય તે ઈચ્છનીય ગણાય. આ સાથે જાહેર ખર્ચ દ્વારા સરકાર સાધનોની પ્રાદેશિક ફેરબદલી કરીને પ્રાદેશિક અસમાનતા ઘટાડી શકે છે. એક ઉદ્યોગમાંથી બીજા ઉદ્યોગમાં જવા, એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ઉત્પાદનનાં સાધનોનું સ્થળાંતર કરવામાં જાહેર ખર્ચ મદદરૂપ થાય છે. ઉદ્યોગમાં હરીફાઈ થવાના કારણે ઉત્પાદન અને રોજગારીની તકોમાં વધારો થાય છે. અહીં સરકાર દ્વારા જાહેર ખર્ચ કરવામાં આવે કે ખરેખર યોગ્ય પાત્ર હોય તેવા ઉદ્યોગોને જ નાણાકીય સહાય મળે તે ઈચ્છનીય છે. બીજી બાબત એ પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે સહાય કે ખર્ચ કાયમી સ્વરૂપનું ન હોવું જોઈએ. તેમજ ચોક્કસ સમયમાં પોતાના પગ પર ઊભા રહેવું જરૂરી છે. દેશના જે વિસ્તારોમાં સેવાઓ ઉપલબ્ધ ન હોય ત્યાં આવી સેવાઓ લોકોને પ્રાપ્ત થતાં ફાયદો થાય છે. આર્થિક રીતે પછાત વિસ્તારોનો આર્થિક વિકાસ જાહેર ખર્ચ દ્વારા સાધી શકાય.

દા.ત. પછાત વિસ્તારોમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, પાણી વગેરેની સેવાઓ પૂરી પાડી ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોને આકર્ષી શકાય. આ ઉપરાંત ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો આકર્ષવા માટે લોન, સબસીડી કે કરવેરામાં રાહત આપી શકાય. રાજ્ય પોતે પણ આવા વિસ્તારોમાં ઉદ્યોગો સ્થાપી શકે છે. આમ, દેશના વિવિધ વિસ્તારોમાં સમતોલ વિકાસ માટે જાહેર ખર્ચને આજે એક અસરકારક સાધન ગણવામાં આવે છે.

4.2.2 જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો :

જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો સામાન્ય રીતે નીચે મુજબની જોઈ શકાય :

➢ આવકની અસમાનતામાં ઘટાડો :

જાહેર ખર્ચનો અન્ય પૈકીનો મહત્ત્વનો હેતુ આવકની અસમાનતામાં ઘટાડો કરવાનો છે. આપણે જાણીએ છીએ કે આધુનિક સમાજમાં આવકની ભારે વિષમતા જોવા મળે છે. સરકારનો જાહેર ખર્ચ કરવાનો એક મહત્ત્વનો ઉદ્દેશ મહત્તમ સામાજિક કલ્યાણ સિદ્ધ કરવાનો હોય તો

સમાજમાં પ્રવર્તતી વિષમતાઓ ઘટાડવી જરૂરી છે. આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડાના હેતુથી ધનિકો પર ઊંચા દરે કરવેરા નાખીને ધનિકોની વપરાશવૃત્તિ ઘટાડી શકાય. આ રીતે સરકારે કરવેરા દ્વારા મેળવેલી આવક જાહેર ખર્ચ દ્વારા ગરીબોને પ્રાપ્ત થતાં તેમની વાસ્તવિક આવકમાં વધારો થાય છે. આમ, જાહેર ખર્ચ આવકની અસમાનતામાં ઘટાડો લાવે છે.

- વિશિષ્ટ પ્રકારના લાભ :

આવકની અસમાનતામાં ઘટાડો કરવાના હેતુથી સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થે સરકાર તરફથી કેટલુંક ખર્ચ કરવામાં આવે છે. આ રીતે જાહેર ખર્ચના પરિણામે સમાજના નીચી આવકવાળા વર્ગને લાભ આપવાથી આવકની પુનઃવહેંચણી થાય છે. દા.ત., ગરીબ વર્ગ માટે સરકાર દ્વારા આપવામાં આવતું મફત શિક્ષણ, તબીબી સારવાર, વૃદ્ધાવસ્થા પેન્શન, મકાન બાંધકામ માટેની સહાય વગેરેથી ગરીબોને લાભ પ્રાપ્ત થાય છે. અમુક પ્રકારની સહાય વર્તમાનની જ નહિ પરંતુ ભવિષ્યની પણ અસમાનતા ઘટાડે છે. તેમજ સમાજના કલ્યાણમાં વધારો થાય છે.

- સામાન્ય પ્રકારના લાભ :

સરકાર જાહેર ખર્ચ દ્વારા સમગ્ર સમાજને લાભ થાય તેવી યોજનાઓ પાછળ ખર્ચ કરે તો તેનાથી સમગ્ર સમાજને લાભ પ્રાપ્ત થાય છે. દા.ત. પાણી પુરવઠાની યોજનાઓ, સિંચાઈની યોજનાઓ, રેલવે-રસ્તાઓ પાછળનો ખર્ચ, ઘણી વાર જે વસ્તુઓ અને સેવાઓનો વપરાશ સમાજના ગરીબ વર્ગો તરફથી વધુ પ્રમાણમાં કરવામાં આવતો હોય તો ઓછી કિંમતે પૂરી પાડીને આવકની અસમાનતા ઘટાડી શકાય છે.

આપણે અહીં જાહેર ખર્ચને આવકની અસમાનતા ઘટાડવા હેતુના દૃષ્ટિકોણથી તપાસી, તેનું મૂલ્યાંકન કાર્ય બાદ જ કહી શકીએ કે - આવકની અસમાનતા ઘટાડવાની યોજના સમગ્ર સમાજના કલ્યાણની દૃષ્ટિએ ઉપયોગી છે. પરંતુ કેટલીકવાર આ પ્રકારનાં પગલાંથી આવકની અસમાનતામાં થોડો ઘટાડો થતો હોય, જ્યારે કુલ ઉત્પાદન, રોજગારી, બચત અને મૂડીરોકાણ પર આની માઠી અસરો પડે તો સરવાળે લાભ થવાના બદલે હાનિ થાય.

ધનિક લોકોની કામ અને બચત કરવાની શક્તિ તેમજ વૃત્તિ પર આની વિપરીત અસર પડવાનો સંભવ છે. ભારે કરવેરા ધનિક લોકોની કામ અને બચત કરવાની શક્તિ તેમજ વૃત્તિને કુંઠિત કરે છે. બીજું કે, સરકારની જાહેર યોજનાઓથી લોકોને લાભ મળવાથી તેઓ આળસુ બનવાનો સંભવ છે. ગરીબો ઓછી મહેનત અને ઓછી બચત કરી પોતાનું અમુક જીવનધોરણ જાળવી રાખે. પરિણામે તેઓ કામ કરવાનું તથા બચત કરવાનું ઓછું કરી નાખે.

4.2.3 જાહેર ખર્ચની અન્ય અસરો :

જાહેર ખર્ચની અન્ય અસરોમાં મુખ્યત્વે ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

- વહીવટ ખર્ચ પરની અસરો :

સરકાર દ્વારા જ્યારે જાહેર ખર્ચની નીતિ અપનાવવામાં આવે છે ત્યારે જાહેર ખર્ચના વધારા સાથે સરકારના વહીવટી ખર્ચમાં વધારો થાય છે. વહીવટી ખર્ચમાં જો વધુ વધારો થાય તો જાહેર ખર્ચની નીતિ ઓછી ફળદાયી બને તેથી વહીવટી ખર્ચમાં કરકસર કરીને જાહેર ખર્ચ કરવામાં આવે તો જ તે સફળતા મેળવી શકે છે.

➢ રોજગારી પરની અસરો :

સરકાર દ્વારા કરવામાં આવતા જાહેર ખર્ચથી રોજગારીમાં વધારો થાય છે. શ્રમિકો અને અન્ય લોકોની આવકમાં વધારો થતાં વપરાશવૃત્તિમાં વધારો થાય છે. આમ, અસરકારક માંગમાં વધારો થતાં મૂડીરોકાણ પણ વધવા પામે છે. વર્તમાન સમયમાં મોટાભાગના દેશોમાં સરકાર પૂર્ણ રોજગારીની પ્રાપ્તિના ઉદ્દેશ માટે જાહેર ખર્ચની નીતિ અપનાવતી હોય છે. આમ જાહેર ખર્ચ રોજગારીમાં ઘટાડો કરવાના સાધન તરીકે મહત્ત્વની કામગીરી બજાવે છે. સરકાર દ્વારા રોડ-રસ્તા, મકાનો, પુલ, પાણી પુરવઠા યોજના, શિક્ષણ, આરોગ્ય વિષયક સેવાઓનો વિસ્તાર કરવાના પરિણામે લોકોને વધુ રોજગારીની તકો પ્રાપ્ત થાય છે. આ સાથે ગરીબોની વાસ્તવિક આવકમાં પણ વધારો થાય છે. પરિણામ સ્વરૂપે લોકોની વપરાશવૃત્તિ અને અસરકારક માંગમાં વધારો થતાં પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવામાં જાહેર ખર્ચની નીતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

➢ સમીક્ષા :

આધુનિક રાજ્યે 'કલ્યાણ રાજ્ય' (Welfare State)નો હેતુ સ્વીકાર્યો હોવાથી જાહેર ખર્ચમાં વધારો થવાનું વલણ જોવા મળે છે. રાજ્યના કાર્યક્ષેત્રનો વ્યાપ વધ્યો છે તેમજ કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી ખર્ચાઓ જરૂરી બન્યા છે. અર્થતંત્રમાં સરકાર જે જાહેર ખર્ચ કરે છે તેની સાનુકુળ અને પ્રતિકૂળ એમ બંને પ્રકારની અસરો થાય છે. આમ, અહીં જાહેર ખર્ચાઓમાં વધારો કે ઘટાડો કરવામાં આવે કે ફેરફાર કરવામાં આવે ત્યારે ઉત્પાદન કાર્ય, બચત અને મૂડીરોકાણની શક્તિ અને વૃત્તિ પરની અસરો, જાહેર ખર્ચની વહેંચણી પરની અસરો અને જાહેર ખર્ચની અન્ય અસરો સાનુકૂળ કે પ્રતિકૂળ પડે છે.

## 4.3 જાહેર ખર્ચનું વલણ : કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ખર્ચનાં વલણો :

જાહેર ખર્ચ એટલે રાજ્ય દ્વારા કરવામાં આવતો ખર્ચ, તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, નગરપાલિકાઓ અને પંચાયતો તથા અન્ય જાહેર સંસ્થાઓ દ્વારા થતાં ખર્ચનો સમાવેશ થાય છે. અહીં આપણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા ખર્ચના આંકડાઓ વિશેનું ચિત્ર જોઈશું, તે પહેલા જાહેર ખર્ચના જુદા જુદા વિભાગોમાં સમાવિષ્ટ ખર્ચની સમજૂતી મેળવીશું.

➢ જાહેર ખર્ચનું માળખું :

ભારતમાં જાહેર ખર્ચનું બે વર્ગોમાં વિભાજન કરવામાં આવે છે.

(અ) મહેસૂલી ખર્ચ અને (બ) મૂડી ખર્ચ

(અ) મહેસૂલી ખર્ચ : (Revenue Expenditure) મહેસૂલી ખર્ચમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) સામાન્ય સેવાઓ માટેનો ખર્ચ, જેમાં નીચેની વિગતો સમાવિષ્ટ છે.

સંસદ, ધારાસભા, કારોબારી તથા ન્યાયતંત્ર, જેવાં રાજ્યનાં અંગો પાછળ થતો ખર્ચ, વહીવટી સેવાઓ તથા વસૂલાત માટેનો ખર્ચ, વ્યાજની ચૂકવણી માટેનો ખર્ચ, પેન્શન અને ઈતર સેવાઓ પાછળ થતો ખર્ચ, સંરક્ષણ ખર્ચ.

(2) સામાન્ય સેવાઓ અંગેનો ખર્ચ, જેમાં કેળવણી, શિક્ષણ, તાલીમ, સંશોધન, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સેવાઓ, કુટુંબ નિયોજન, વસવાટ, શ્રમ-કલ્યાણ અને સમાજ કલ્યાણ યોજનાઓ, રોજગાર યોજનાઓ.

(3) આર્થિક સેવાઓ માટેનો ખર્ચ, જેમાં ખેતી અને સંબંધિત સેવા

(4) રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવીકે, નગરપાલિકાઓ, પંચાયતોને અપાતું અનુદાન.

(બ) મૂડી ખર્ચ (Capital Expenditure) : મૂડી ખર્ચમાં સામાન્ય સેવાઓ (સંરક્ષણ સહિતની), સામાજિક સેવાઓ, આર્થિક સેવાઓ તથા રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અપાયેલી લોન વગેરેનો સમાવેશ થાય છે.

➢ જાહેર ખર્ચનું અન્ય રીતે વર્ગીકરણ આ પ્રમાણે કરી શકાય :

(1) બિનયોજનાકીય ખર્ચ :

(અ) બિનયોજનાકીય મહેસૂલી ખર્ચ અને (બ) બિનયોજનાકીય મૂડી ખર્ચ

બિનયોજનાકીય મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણી, સંરક્ષણ માટેનો મહેસૂલી ખર્ચ, સબસીડી પેટે થતો ખર્ચ, પેન્શન, સામાન્ય સેવાઓ તથા સામાજિક અને આર્થિક સેવાઓ, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યને અપાતું અનુદાન વગેરેનો સમાવેશ થાય છે.

બિનયોજનાકીય મૂડી ખર્ચમાં સંરક્ષણ અંગેનું મૂડી ખર્ચ, જાહેર સાહસો, રાજ્ય સરકારો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા વિદેશી સરકારોને અપાયેલી લોનનો સમાવેશ થાય છે.

(2) યોજનાકીય ખર્ચ :

આ ખર્ચ અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજના જેવીકે, ખેતી અને સંબંધિત ક્ષેત્રો, ઉદ્યોગો, ખનીજો, વાહનવ્યવહાર, વિજ્ઞાન અને ટેક્નોલૉજી, સિંચાઈ અને ઊર્જા, સામાજિક સેવાઓ વગેરે પાછળ થતાં ખર્ચનો સમાવેશ થાય છે.

➢ ભારતમાં જાહેર ખર્ચનાં બદલાતાં વલણો (Changing Pattern of Public Expenditure in India) :

આઝાદી પહેલાં, બ્રિટિશ સરકાર મુખ્યત્વે સંરક્ષણ અને વહીવટીતંત્ર પાછળ જાહેર ખર્ચનો મોટો ભાગ ખર્ચ કરતી હતી. આઝાદી પછી કેન્દ્ર અને રાજ્ય સરકારોનો જુદા જુદા સમયે તબક્કાવાર ઝડપી આર્થિક વિકાસ અને ગરીબી નાબૂદી જેવા સામાજિક ઉદ્દેશો સિદ્ધ કરવા માટે ખર્ચમાં વધારો જોવા મળે છે. દા.ત. પ્રથમપંચવર્ષીય યોજના (1951-56)માં કૃષિક્ષેત્રને પ્રાધાન્ય આપવામાં આવ્યું. બીજી પંચવર્ષીય યોજના (1956-61)માં ભારે અને પાયાના ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવ્યું. પાંચમી પંચવર્ષીય યોજના (1974-78)માં ગરીબી નાબૂદી અને સ્વનિર્ભરતા ઉપર ભાર મૂકવામાં આવેલ, જ્યારે 80ના દાયકા વ્યાજની ચૂકવણી અને જાહેર દેવાના કદમાં વધારો થયો. આ સ્થિતિમાં સરકાર દ્વારા વધતી જતી રાજકોષીય ખાધને દૂર કરવા માટે અને આર્થિક સ્થિરતા માટે માળખાકીય સમાયોજનના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. ત્યાર બાદ ક્રમિક રીતે અર્થતંત્રમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણના ભાગરૂપે સતત સરકાર દ્વારા બદલાવ કરવામાં આવ્યા, પરિણામ સ્વરૂપે સરકારના જાહેર ખર્ચમાં મોટા ફેરફારો આવ્યા. આ બાબત આપ, અહીં આપેલા કોષ્ટક પરથી જોઈ શકશો.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ જાહેર ખર્ચ : (રૂ. કરોડમાં)

કોષ્ટક - 1

| વર્ષ | રાજ્ય સરકારનો ખર્ચ | કેન્દ્ર સરકારનો ખર્ચ | કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલો ખર્ચ |
|---|---|---|---|
| 1982-83 | 28,742 | 30791 | 59533 |
| 1991-92 | 1,07,929 | 111414 | 219343 |
| 1995-96 | 1,74,632 | 178275 | 352907 |
| 2000-01 | 3,39,835 | 325592 | 665427 |
| 2005-06 | 5,61,682 | 505738 | 1067420 |
| 2010-11 | 11,58,730 | 1197328 | 2356058 |
| 2015-16 | 23,60,229 | 1790783 | 4151012 |
| 2019-20 | 29,36,269 | 2698552 | 6634821 |


(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2020-21)

➢ જાહેર ખર્ચમાં અભિવૃદ્ધિ :

આયોજનકાળ દરમિયાન જાહેર ખર્ચમાં સતત વધારો થતો રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા સમયગાળા દરમિયાન કરવામાં આવેલ ખર્ચને મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ તેમજ મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધ, અન્ય બિનયોજનાકીય ખર્ચમાં થયેલા વધારા સંબંધિત માહિતીનું વિશ્લેષણ અહી કરવામાં આવેલ છે. 1982-83થી 2019-20ના સમયગાળા દરમિયાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ જાહેરખર્ચની આંકડાકીય માહિતીને આલેખના સ્વરૂપમાં નીચે દર્શાવેલ છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કુલ જાહેર ખર્ચ

આકૃતિ - 1




(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2020)

ઉપરના આલેખમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ ખર્ચની વલણ રેખા પરથી કહી શકાય કે, છેલ્લા દાયકા દરમિયાન જાહેર ખર્ચમાં ઝડપી રીતે વધારો થયો છે. 2015-16ના વર્ષ પછી રાજ્ય સરકારના જાહેર ખર્ચમાં નોંધપાત્ર વધારો થવા માટેનું એક કારણ એ છે કે 14માં નાણાં પંચની ભલામણથી કેન્દ્રમાંથી રાજ્ય સરકારને ફાળવવામાં

આવતા અનુદાનમાં વધારો કરવામાં આવ્યો હતો.

➢ **મહેસૂલી ખર્ચ તથા મૂડી ખર્ચમાં થયેલો નોંધપાત્ર વધારો :**

તારેજેતરના વર્ષોમાં કેન્દ્ર તથા રાજ્યોના મહેસૂલી ખર્ચ તેમજ મૂડી ખર્ચ, એમ બંનેમાં નોંધપાત્ર વધારો થયો છે, જુદા જુદા સમયગાળા દરમિયાન કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ અંગેની વિગત અહીં નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

કોષ્ટક - 2

| | **કેન્દ્ર સરકાર (ખર્ચ ₹ કરોડમાં)** | | | | | **રાજ્ય સરકાર (ખર્ચ ₹ કરોડમાં)** | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | મહેસૂલી ખર્ચ | કુલ ખર્ચના ટકા | મૂડી ખર્ચ | કુલ ખર્ચના ટકા | કુલ ખર્ચ | મહેસૂલી ખર્ચ | કુલ ખર્ચના ટકા | મૂડી ખર્ચ | કુલ ખર્ચના ટકા | કુલ ખર્ચ |
| 1982-83 | 18742 | 60.87 | 12049 | 39.13 | 30791 | 20238 | 70.41 | 8504 | 29.59 | 28742 |
| 1985-86 | 33924 | 64.41 | 18742 | 35.59 | 52666 | 32770 | 73.04 | 12097 | 26.96 | 44867 |
| 1990-91 | 73516 | 69.82 | 31782 | 30.18 | 105298 | 71776 | 78.80 | 19312 | 21.20 | 91088 |
| 1991-92 | 82292 | 73.86 | 29122 | 26.14 | 111414 | 86186 | 79.85 | 21743 | 20.15 | 107929 |
| 1992-93 | 92702 | 75.60 | 29916 | 24.40 | 122618 | 96205 | 80.62 | 23129 | 19.38 | 119335 |
| 1993-94 | 108169 | 76.25 | 33684 | 23.75 | 141853 | 108868 | 81.34 | 24980 | 18.66 | 133849 |
| 1994-95 | 122112 | 75.97 | 38627 | 24.03 | 160739 | 127009 | 79.81 | 32138 | 20.19 | 159147 |
| 1999-00 | 249078 | 83.57 | 48975 | 16.43 | 298053 | 257475 | 83.60 | 50501 | 16.40 | 307977 |
| 2001-02 | 301468 | 83.21 | 60842 | 16.79 | 362310 | 309819 | 84.03 | 58861 | 15.97 | 368680 |
| 2005-06 | 439376 | 86.88 | 66362 | 13.12 | 505738 | 438034 | 77.99 | 123648 | 22.01 | 561682 |
| 2010-11 | 1040723 | 86.92 | 156605 | 13.08 | 1197328 | 932297 | 80.46 | 226433 | 19.54 | 1158730 |
| 2011-12 | 1145785 | 87.84 | 158580 | 12.16 | 1304365 | 1074571 | 79.50 | 277041 | 20.50 | 1351612 |
| 2012-13 | 1243514 | 88.17 | 166858 | 11.83 | 1410372 | 1231702 | 80.28 | 302553 | 19.72 | 1534255 |
| 2013-14 | 1371772 | 87.97 | 187675 | 12.03 | 1559447 | 1379750 | 80.87 | 326394 | 19.13 | 1706145 |
| 2014-15 | 1466992 | 88.18 | 196681 | 11.82 | 1663673 | 1637288 | 80.82 | 388495 | 19.18 | 2025783 |
| 2015-16 | 1537761 | 85.87 | 253022 | 14.13 | 1790783 | 1838267 | 77.89 | 521962 | 22.11 | 2360229 |
| 2016-17 | 1690584 | 85.59 | 284610 | 14.41 | 1975194 | 2086892 | 77.06 | 621323 | 22.94 | 2708215 |
| 2017-18 | 1878833 | 87.72 | 263140 | 12.28 | 2141973 | 2300520 | 79.97 | 576381 | 20.03 | 2876901 |
| 2018-19 | 2007399 | 86.71 | 307714 | 13.29 | 2315113 | 2828243 | 77.95 | 800233 | 22.05 | 3628476 |
| 2019-20 | 2349645 | 87.07 | 348907 | 12.93 | 2698552 | 3093898 | 78.60 | 842371 | 21.40 | 3936269 |

(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2021)

➢ 1982-83માં કેન્દ્રનો મહેસૂલી ખર્ચ ₹ 15408 કરોડ જે કુલ ખર્ચના 60.87 % અને જે વધીને 1991-92માં મહેસૂલી ખર્ચ ₹ 82292 કરોડ, જે કુલ ખર્ચના 73.86 % 2001-

02ના વર્ષમાં 83.21 % અને 2011-12 ₹ 1145785 કરોડ, જે કુલ ખર્ચના 87.84 % જેટલો થયો હતો. 2018-19ના વર્ષમાં મહેસૂલી ખર્ચ 86.71 % કરવામાં આવ્યોલ છે.


આ બાબત બતાવે છે કે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલો જાહેર ખર્ચમાં મહેસૂલી ખર્ચનો હિસ્સો ક્રમિક રીતે વધ્યો છે.

- રાજ્ય સરકાર દ્વારા 1982-83ના વર્ષમાં મહેસૂલી ખર્ચ ₹ 20238 કરોડ હતો, જે કુલ ખર્ચના 70.41 % જેટલો, 1990-91માં 78.80 % અને 2001-02ના વર્ષમાં 79.50 % અને 2019-20 માં 78.60 % જેટલો કરવામાં આવ્યો, એટલે કે લગભગ સ્થિર વલણ જોવા મળે છે.
- 1982-83માં કેન્દ્રનો મૂડી ખર્ચ ₹ 12049 કરોડ હતો, જે કુલ ખર્ચના 39.13 ટકા જેટલો હતો. 1990-91માં ₹ 31782 કરોડ જેટલો કરવામાં આવેલ જે કુલ ખર્ચના 30.18% હતો. આ પ્રમાણ 2001-02ના વર્ષમાં કુલ ખર્ચના 16.79 % જેટલું થયું હતું. જે ઘટીને 2014-15માં કુલ ખર્ચના 11.82% અને 2019-20ના વર્ષમાં 12.93 ટકા જેટલું હતું.


  આમ, સમગ્ર રીતે જોતાં કહી શકાય કે, કેન્દ્ર સરકારનો મૂડી ખર્ચના કદમાં વધારો થયો હોવા છતાં કુલ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે.
- રાજ્ય સરકાર દ્વારા 1982-83ના વર્ષમાં મૂડી ખર્ચ ₹ 8504 કરોડ હતો, જે કુલ ખર્ચના 70.41% જેટલો હતો, 1993-94 ₹ 24980 કરોડ હતો જે કુલ ખર્ચના 18.66% અને 2001-02ના વર્ષમાં ઘટીને કુલ ખર્ચના 15.97% જેટલો થયો હતો. આ પ્રમાણ 2011-12ના વર્ષમાં વધીને 20.50% અને 2019-20માં 21.40% જેટલું કરવામાં આવ્યું, એટલે કે રાજ્ય સરકારનો મૂડીખર્ચનું વલણ સ્થિર જોવા મળે છે.
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચ તેમજ મૂડી ખર્ચ એમ કુલ ખર્ચમાં નોંધપાત્ર રીતે વધારો થયો છે.
- કેન્દ્ર સરકારનો મહેસૂલી ખર્ચનું પ્રમાણ સમયાંતરે ક્રમિક રીતે વધતું અને મૂડી ખર્ચમાં ઘટતું જોવા મળે છે. જેના મૂળમાં સંરક્ષણ, સબસીડી અને લોનની ચૂકવણી પાછળનો ઊંચો ખર્ચ જવાબદાર ગણી શકાય.

  સંબંધિત આંકડાકીય માહિતીના આધારે કેન્દ્ર રાજ્ય સરકારના મહેસૂલી ખર્ચનું પ્રમાણ આલેખમાં નીચે મુજબ આપવામાં આવેલ છે.

આકૃતિ-2



આકૃતિ-3




➢ મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધ :

મહેસૂલી ખાધ(revenue deficit) એ મહેસૂલી ખર્ચ અને મહેસૂલી આવક વચ્ચેની ખાધ દર્શાવે છે.

સૂત્રના સ્વરૂપે,

⇨ મહેસૂલી ખાધ : = મહેસૂલી આવક - મહેસૂલી ખર્ચ

મહેસૂલી ખર્ચથી કોઈ નવી અસ્ક્યામતનું સર્જન થતું નથી. વહીવટી ખર્ચ, સંરક્ષણ ખર્ચ, વ્યાજ ખર્ચ અને સબસીડી ખર્ચ એ મહેસૂલી ખર્ચ છે. મહેસૂલી આવક એટલે કરવેરા અને જાહેર સાહસોના નફા વગેરેની આવક જે સરકાર પર જવાબદારી લાદતી નથી. સામાન્ય રીતે મહેસૂલી ખર્ચ કરતાં મહેસૂલી આવક વધુ હોવી જોઈએ કે જેથી ઉત્પાદકીય અસ્કયામતોના સર્જન માટે તેનો ઉપયોગ કરી શકાય, પરંતુ ભારતમાં મહેસૂલી ખાધ સતત વધતી ગઈ છે.

સરકારના બજેટમાં કુલ ખર્ચ (મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ) મહેસૂલી આવકથી વધુ હોય તો તે તફાવતને રાજકોષીય ખાધ કહેવામાં આવે છે. બીજી રીતે, રાજકોષીય ખાધ એટલે અંદાજપત્રકીય ખાધ વત્તા આંતરિક અને બાહ્ય સાધનો દ્વારા ઉછીની લીધેલી રકમ અને અન્ય જવાબદારીઓ. કારણ કે મહેસૂલી આવકથી કુલ ખર્ચ વધુ હોય તો કેટલાક વધારાના ખર્ચ નવાં નાણાંનું સર્જન કરીને કરવામાં આવે છે. અને બાકી વધારાના ખર્ચા માટે આંતરિક તેમજ બાહ્ય દેવાંનો આશરો લેવામાં આવે છે.

રાજકોષીય ખાધ = કુલ ખર્ચ - કુલ મહેસૂલી આવક - પાછી ફરેલી લોનની રકમ - વિનિવેશની આવક

⇨ પ્રાથમિક ખાધ : રાજકોષીય ખાધમાંથી વ્યાજ ચૂકવણીઓ બાદ કરીને પ્રાથમિક ખાધનું માપ મેળવવામાં આવે છે. પ્રાથમિક ખાધ એ બતાવે છે કે સરકાર દેવું કરીને જે નાણાં મેળવે છે, એમાંથી કેટલી રકમ વ્યાજ ચૂકવણી માટે વપરાય છે. અને કેટલી રકમ અન્ય હેતુ માટે વપરાય છે, પ્રાથમિક ખાધ શૂન્ય હોય તો એનો અર્થ એ થાય કે ભૂતકાળમાં

લીધેલ લોન અને વ્યાજ ચૂકવવા માટે જેટલાં નાણાંની જરૂરિયાત છે એટલું જ દેવું સરકાર કરે છે. પ્રાથમિક ખાધ હકારાત્મક હોય તો એનો અર્થ એ છે કે સરકારનું દેવું વ્યાજ ચૂકવણી પૂરતું નથી, અન્ય ખર્ચ પણ દેવું કરીને કરવામાં આવે છે.

ભારતમાં 1991માં આર્થિક સુધારાઓ અમલમાં આવ્યા બાદથી મહેસૂલી ખાધ, પ્રાથમિક ખાધ અને રાજકોષીય ખાધનો ખ્યાલો વધુ પ્રચલિત બન્યા છે. વર્ષ 1990-91થી 2018-19ના સમયગાળા દરમિયાન આ ખાધની રકમમાં થયેલા ફેરફારોની વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવી છે.

કોષ્ટક-3

| કુલ આંતરિક ઉત્પાદનમાં વિવિધ ખાધનું પ્રમાણ (ટકા) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કેન્દ્ર સરકાર | | | | રાજ્ય સરકાર | | | |
| વર્ષ | પ્રાથમિક ખાધ | મહેસૂલી ખાધ | રાજકોષીય ખાધ | વર્ષ | પ્રાથમિક ખાધ | મહેસૂલી ખાધ | રાજકોષીય ખાધ |
| 1990-91 | 4.0 | 3.2 | 7.7 | 1990-91 | 1.8 | 0.9 | 3.3 |
| 1995-96 | 0.8 | 2.5 | 5.0 | 1995-96 | 0.8 | 0.7 | 2.6 |
| 2000-01 | 0.9 | 4.0 | 5.6 | 2000-01 | 1.8 | 2.5 | 4.2 |
| 2009-10 | 3.2 | 5.3 | 6.6 | 2009-10 | 1.2 | 0.4 | 3.0 |
| 2010-11 | 1.8 | 3.3 | 4.9 | 2010-11 | 0.4 | -0.2 | 2.1 |
| 2011-12 | 2.8 | 4.5 | 5.9 | 2011-12 | 0.4 | -0.3 | 2.0 |
| 2012-13 | 1.8 | 3.7 | 4.9 | 2012-13 | 0.4 | -0.3 | 2.0 |
| 2013-14 | 1.1 | 3.2 | 4.5 | 2013-14 | 0.7 | 0.0 | 2.2 |
| 2014-15 | 0.9 | 2.9 | 4.1 | 2014-15 | 1.1 | 0.3 | 2.6 |
| 2015-16 | 0.7 | 2.5 | 3.9 | 2015-16 | 1.5 | 0.0 | 3.0 |
| 2016-17 | 0.4 | 2.1 | 3.5 | 2016-17 | 1.8 | 0.2 | 3.5 |
| 2017-18 | 0.4 | 2.6 | 3.5 | 2017-18 | 0.7 | 0.1 | 2.4 |
| 2018-19 | 0.4 | 2.4 | 3.4 | 2018-19 | 0.6 | 0.1 | 2.1 |

(સ્ત્રોત : આંકડાકીય હેન્ડ બુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2021)

- કેન્દ્ર સરકારની મહેસૂલી ખાધ 1990-91માં કુલ ઘરેલું પેદાશ 3.2% હતી, જ્યારે આ સમયગાળા માટે રાજ્ય સરકારની મહેસૂલી ખાધ 0.9% જેટલી હતી.
- 1990-91માં કેન્દ્રની રાજકોષીય ખાધ કુલ ઘરેલું પેદાશના 7.7 ટકા હતી, જે 2010-2011માં ઘટીને 4.9 ટકા જેટલી થઈ હતી અને વર્ષ 2018-19 ના વર્ષ માટે તે 3.4 ટકા જેટલી થઈ.
- કેન્દ્ર સરકારની મહેસૂલી ખાધ છેલ્લા બે દાયકામાં ઘટતી જોવા મળી છે, રાજકોષીય ખાધના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.
- રાજ્યની રાજકોષીય ખાધ 1990-91માં કુલ ઘરેલું પેદાશના 3.3 ટકા હતી, જે 2011-

2012માં ઘટીને 2.0 ટકા જેટલી થઈ હતી. વર્ષ 2016-17ના વર્ષ માટે તે 3.5 ટકા જેટલી વધી હતી.

➢ રાજ્ય સરકારની મહેસૂલી ખાધ 1990-91માં કુલ ઘરેલું પેદાશના 0.9% હતી, જે ઘટીને 2018-19માં 0.01% જેટલી થઈ છે.

આમ, રાજ્ય સરકારની મહેસૂલી ખાધ ઘટીને શૂન્ય થતી જોવા મળે છે.

⇨ બિનયો નાકીય ખર્ચમાં જંગી વધારો :

આગળ આપણે 4.2.5 ના મથાળા હેઠળ કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચમાં સતત વધારો થયો છે, એ અંગેની ચર્ચા કરી. આ બાબત હવે આપણે કેન્દ્ર સરકારના બિનયોજનાકીય ખર્ચમાં થયેલા જંગી વધારાના મુદ્દા અંગે ચર્ચીએ. તાજેતરનાં વર્ષોમાં કેન્દ્ર તથા રાજ્યોના બિનયોજનાકીય ખર્ચમાં ગણનાપાત્ર વધારો થયો છે. કેન્દ્ર સરકારના બિનયોજનાકીય ખર્ચમાં વ્યાજની ચૂકવણી, સંરક્ષણ, સબસીડી વગેરે મુખ્ય બાબતો છે. જુદા જુદા સમયગાળામાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ બિનયોજનાકીય ખર્ચની ટકાવારી કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ કુલ ખર્ચ સંબંધિત ટકાવારીની માહિતી નીચેના કોષ્ટકમાં દર્શાવી છે.

કોષ્ટક-4

| વર્ષ | મહેસૂલી ખર્ચ | મહેસૂલી ખર્ચ પૈકી | | | | | | કુલ ખર્ચ (₹ કરોડમાં) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સંરક્ષણ ખર્ચ | કુલ ખર્ચના ટકા | વ્યાજની ચૂકવણી (₹ કરોડમાં) | કુલ ખર્ચના ટકા | સબસીડી (₹ કરોડમાં) | કુલ ખર્ચના ટકા | |
| 1982-83 | 18742 | 4494 | 14.60 | 3938 | 12.79 | 2262 | 7.35 | 30791 |
| 1985-86 | 33924 | 7021 | 13.33 | 7512 | 14.26 | 4796 | 9.11 | 52666 |
| 1991-92 | 82292 | 11442 | 10.27 | 26596 | 23.87 | 12253 | 11.00 | 111414 |
| 1995-96 | 139861 | 18841 | 10.57 | 50045 | 28.07 | 12666 | 7.10 | 178275 |
| 2000-01 | 277839 | 37238 | 11.44 | 99314 | 30.50 | 26838 | 8.24 | 325592 |
| 2005-06 | 439376 | 48211 | 9.53 | 132630 | 26.23 | 47522 | 9.41 | 505738 |
| 2010-11 | 1040723 | 92061 | 7.69 | 234022 | 19.55 | 173420 | 14.48 | 1197328 |
| 2011-12 | 1145785 | 103011 | 7.90 | 273150 | 20.94 | 217941 | 16.71 | 1304365 |
| 2012-13 | 1243514 | 111277 | 7.89 | 313170 | 22.20 | 257079 | 18.23 | 1410372 |
| 2013-14 | 1371772 | 124374 | 7.98 | 374254 | 24.00 | 254632 | 16.33 | 1559447 |
| 2014-15 | 1466992 | 136807 | 8.22 | 402444 | 24.19 | 258258 | 15.52 | 1663673 |
| 2015-16 | 1537761 | 145937 | 8.15 | 441659 | 24.66 | 264106 | 14.75 | 1790783 |
| 2016-17 | 1690584 | 165410 | 8.37 | 480714 | 24.34 | 234809 | 11.89 | 1975194 |
| 2017-18 | 1878833 | 186127 | 8.69 | 528952 | 24.69 | 224455 | 10.48 | 2141973 |
| 2019-20 | 2350604 | 207572 | 7.73 | 612070 | 22.78 | 262304 | 9.76 | 2686330 |
| 2020-21 | 3011142 | 209312 | 6.07 | 692900 | 20.08 | 648736 | 18.80 | 3450305 |

(સ્ત્રોત : આંકડાકીય હેન્ડબુક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, 2021)

⇨ ઉપરોક્ત કોષ્ટક પરથી,

➢ 1982-83માં સંરક્ષણ પેટેનો ખર્ચ ₹.4494 કરોડ હતો, જે કુલ ખર્ચના 14.60%, 2000-01માં ₹ 37238 કરોડ, જે કુલ ખર્ચના 11.44%, 2010-11માં કુલ ખર્ચના 7.69% જેટલો હતો, જે ઘટીને 2019-20માં 7.73% થયો છે, અહીં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા સંરક્ષણ પાછળના ખર્ચમાં સમય જતાં ક્રમિક રીતે છેલ્લા ત્રણ દાયકા દરમિયાન કુલ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

➢ 1991-82માં વ્યાજની ચુકવણી પૈકીનો ખર્ચ ₹ 26,596 કરોડ હતો જે કુલ ખર્ચના 23.87%, 2000-01માં ₹ 99,314 કરોડ, જે કુલ ખર્ચના 30.50% જેટલો હતો. 2011-12માં કુલ ખર્ચમાં વ્યાજની ચૂકવણીનું પ્રમાણ 20.94 ટકા તે 2018-19માં વધીને 25.17% જેટલું થયું હતું.

➢ 1982-83ના વર્ષમાં કેન્દ્ર સરકારનો સબસીડી પાછળનો કુલ ખર્ચ ₹.2262 કરોડ, જે કુલ ખર્ચના 7.35% જેટલો હતો. 1991-92માં વધીને ₹ 2011-12માં કુલ ખર્ચના 16.71% અને 2013-14ના વર્ષમાં વધીને 18.23% જેટલ કરવામાં આવેલ. ત્યારબાદના 2018-19ના વર્ષમાં ઘટીને કુલ ખર્ચના 9.63% જેટલો થયો હતો.

## 4.4 જાહેર ખર્ચ વધવાનાં કારણો :

એડોલ્ફ વેગ્નર (Adolph Wagner), વિખ્યાત જર્મન અર્થશાસ્ત્રીએ 1883માં એવો સિદ્ધાંત રજૂ કર્યો હતો કે, જેમ-જેમ કોઈ એક રાષ્ટ્રનો વિકાસ થતો જાય છે તેમ તેમ જાહેર ખર્ચનું સાપેક્ષ મહત્ત્વ વધે છે. આંકડાકીય દૃષ્ટિએ વિચારીએ તો, જે દરે આર્થિક વિકાસ થાય છે તેના કરતાં ઊંચા દરે જાહેર ખર્ચમાં વધારો થાય છે. જાહેર ખર્ચને રાષ્ટ્રીય આવકના ટકાવારી પ્રમાણે મૂકીએ તો તેમાં સતત વૃદ્ધિ થવાનું વલણ જોવા મળે છે. વેગ્નરે રજૂ કરેલો સિદ્ધાંત છેલ્લાં ઘણા વર્ષોમાં વિસ્તૃત ચર્ચા પામ્યો છે. આંકડાકીય માહિતીના સંદર્ભમાં આ સિદ્ધાંત કેટલો સાચો છે તે અંગે અમુક સંશોધનાત્મક અભ્યાસો પણ હાથ ધરવામાં આવ્યા છે.

'Law of increasing expansion of public and particularly state activities'નામે રજૂ થયેલા અભ્યાસનું તારણ એ છે કે જેમ સમાજનો વિકાસ થાય છે તેમ 'સામાજિક પ્રગતિ'ની ઝંખના વધતી જાય છે. આર્થિક વિકાસની સાથે કેળવણી, શિક્ષણ, જાહેર આરોગ્યની સેવાઓ, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર જેવી સામાજિક સેવાઓની માંગ વધતી જ જાય છે. આર્થિક વિકાસની સાથે સરકારે કાયદો-વ્યવસ્થા, વહીવટી, નિયંત્રણ વગેરે પર ધ્યાન આપવું પડે છે, પરિણામ સ્વરૂપ રાજ્ય દ્વારા થતાં જાહેર ખર્ચનું પ્રમાણ વધારાની જરૂરિયાત ઊભી થાય છે.

વેગ્નરના નિયમ મુજબ જાહેર ખર્ચમાં વધારો થવા માટેનાં કારણો આપણે નીચે મુજબના મુદ્દા હેઠળ ચર્ચી શકાય.

⇨ રાજ્યના કાર્યક્ષેત્રનો વિસ્તાર

⇨ આર્થિક વિકાસ અને આયોજન

⇨ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિવર્તનો

⇨ વસ્તી વધારો અને શહેરીકરણની પ્રક્રિયાનો વધતો વેગ

⇨ ટેક્નોલૉજિકલ ફેરફારો

⇨ યુદ્ધ અને સંરક્ષણ

➢ રાજ્યના કાર્યક્ષેત્રનો વિસ્તાર :

કલ્યાણ રાજ્યની ભાવના : પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ સ્વૈર પદ્ધતિમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા હોવાથી રાજ્યનાં કાર્યો મર્યાદિત રાખ્યાં હતાં. તેમના મત મુજબ રાજ્યનું કાર્ય દેશની અંદર કાયદો-વ્યવસ્થા જાળવવાનું તથા બાહ્ય આક્રમણથી રક્ષણ કરવાનું હતું. વર્તમાન સમયમાં સરકાર દ્વારા 'પોલીસ રાજ્ય'ની ભાવનાને બદલે કલ્યાણ રાજ્યની ભાવનાનો સ્વીકાર થયેલો જોવા મળે છે. જેના કારણે રાજ્યનું કાર્યક્ષેત્ર વિસ્તરવા પામ્યું છે. રાજ્યને તેના કલ્યાણલક્ષી અને વિકાસલક્ષી ખર્ચાઓ કરવા જરૂરી બન્યા છે. આધુનિક રાજ્ય અર્થતંત્રના જુદાં જુદાં ક્ષેત્રના વિકાસ માટે વિપુલ પ્રમાણમાં ખર્ચ કરે છે. દેશના નાગરિકોને ઉત્તમ પ્રકારની માળખાકીય અને સામાજિક સેવાઓ જેવી કે, શિક્ષણ, તાલીમ, કેળવણી, સંશોધન, સારી આરોગ્યની સેવાઓ, પાણી પુરવઠો, રસ્તા તેમજ ગટર વ્યવસ્થાની સુવિધા, વસવાટ, સામાજિક સલામતીની યોજનાઓ વગેરે પૂરી પાડવા પાછળ પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરે છે. આ સાથે અર્થતંત્રનાં જુદાં જુદાં ક્ષેત્રો જેવાં કે, ખેતી, ઉદ્યોગો, વાહન અને સંદેશાવ્યવહાર, વેપાર અને વાણિજ્યના વિકાસમાં સરકારની ભૂમિકા વધી છે. આમ, આધુનિક રાજ્યના કાર્યક્ષેત્રમાં વધારો થયો હોવાથી જાહેર ખર્ચનું પ્રમાણ વધવા પામ્યું છે.

➢ આર્થિક વિકાસ :

વર્તમાન સમયે વિકસિત અને વિકસતાં બધા જ રાજ્યો ઝડપી આર્થિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ હોય છે. પ્રો. રોસ્ટવ અને પ્રો. મસ્ગ્રેવના મતે, વિકાસના પ્રારંભિક તબક્કામાં રાજ્ય દ્વારા થતા કુલ મૂડીરોકાણમાં જાહેર ક્ષેત્રના મૂડીરોકાણનું પ્રમાણ ઊંચું હોય છે. આર્થિક વિકાસને અસર કરનાર એક પ્રબળ પરિબળ માળખાકીય સગવડતા સામાજિક મૂડી હોય છે. આ માટેની માંગમાં મોટો વધારો થાય છે. આર્થિક વિકાસ માટે સરકારે રસ્તા, વાહનવ્યવહાર, કાયદો અને વ્યવસ્થા, કેળવણી, જાહેર સ્વાસ્થ્યની સગવડતા વગેરે પાછળ ખર્ચ કરવો આવશ્યક બની જાય છે. આ જ રીતે આર્થિક વિકાસના પરિણામે વપરાશની વસ્તુઓની માંગમાં પણ વધારો થાય તેમ જાહેર વસ્તુઓ અને સેવાઓની માંગ વધે છે. રોસ્ટવ કહે છે કે, એક વખત આર્થિક વિકાસ વેગીલો બની પૂર્ણ રીતે વિકસિત તબક્કામાં પહોંચ્યા બાદ માળખાકીય સુવિધાઓ પર થતા ખર્ચમાં કેળવણી, જાહેર સ્વાસ્થ્ય અને કલ્યાણલક્ષી કાર્યક્રમો પાછળ વધુ ભાર અપાય છે, આથી જાહેર ખર્ચ વધે છે.

➢ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિવર્તનો :

તાજેતરનાં વર્ષોમાં બિનઆર્થિક કહી શકાય તેવાં આ પરિબળો જાહેર ખર્ચની વૃદ્ધિ માટે અમુક અંશે કારણભૂત બન્યાં છે. સમાજમાં પ્રવર્તતી આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો થવો જોઈએ, એ વિચારસરણીનો સ્વીકાર થયેલ હોવાથી રાજ્યનાં કાર્યો અને ખર્ચમાં જંગી વધારો થવા પામ્યો છે. લોકશાહી શાસનવ્યવસ્થા હેઠળ અન્ય રાજકીય વ્યવસ્થાની તુલનામાં રાજ્યની કલ્યાણ માટેની પ્રવૃત્તિ અને તેનાં ક્ષેત્રો સંખ્યા અને પરિણામની દૃષ્ટિએ ઘણાં મોટાં હોય છે. પૂર્ણ રોજગારીની જાળવણી અને રાજ્યની સામાજિક-આર્થિક નીતિનો એક મહત્ત્વનો હેતુ બનવાથી પણ જાહેર ખર્ચમાં વધારો આવશ્યક બન્યો છે. વળી, અલ્પવિકસિત દેશોમાં આર્થિક વિકાસના ઉદ્દેશ અર્થે જાહેર

ખર્ચમાં વધારો જોવા મળે છે. આમ, સામાજિક-આર્થિક વિચારસરણી પણ જાહેર ખર્ચની વૃદ્ધિ માટે કારણભૂત બની છે.

➢ વસ્તી વધારો અને શહેરીકરણની પ્રક્રિયાનો વધતો વેગ :

વસ્તીનો વધારો થાય તેમ જાહેર સેવાઓ અને વસ્તુની માંગ વધે છે. માથાદીઠ આવક વધી ન હોય અને વસ્તીમાં નિરપેક્ષ વધારો થયો હોય ત્યારે મૂળભૂત જાહેર સેવાઓ અને તે અંગેના ખર્ચમાં વધારો આવશ્યક બને છે. વસ્તી વધારાની સાથોસાથ શહેરીકરણની પ્રક્રિયા વેગવંત બને છે, જેને લીધે પણ રાજ્યના ખર્ચમાં વધારો થાય છે. શહેરીકરણ વધતાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સેવાઓ, વસવાટ, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, સ્વાસ્થ્યની સેવાઓ વગેરે માટે જાહેર ખર્ચમાં વધારો થાય છે. બીજું કે, વસ્તી વિષયક સેવાઓની સાથે વસ્તીનું વય બંધારણના ફેરફારના પરિણામે જાહેર ખર્ચમાં ફેરફાર થાય છે. દા.ત. કુલ વસ્તીમાં બાળકોની સંખ્યામાં વધારો થાય તો પ્રાથમિક શિક્ષણ તેમજ આગળ જતાં કેળવણી અને તાલીમ પાછળ રાજ્યનો ખર્ચ વધે છે. જો મરણ દરમાં ઘટાડો થાય તો કુલ વસ્તીમાં વૃદ્ધોનું પ્રમાણ વધે, તેમના પેન્શન અને આરોગ્ય પાછળ જાહેર ખર્ચમાં વધારો થાય છે.

આમ, નિરપેક્ષ સ્વરૂપમાં થતો વસ્તી વધારો કે તેમાં થતા બંધારણ વિષયક ફેરફારો જાહેર ખર્ચમાં વધારો લાવે છે.

➢ ટેકનોલૉજિકલ ફેરફારો :

વિજ્ઞાન અને ટેક્નોલૉજિનો બદલાવ પણ જાહેર ખર્ચમાં વધારા માટે જવાબદાર ગણી શકાય. ટેક્નોલૉજિકલ પરિવર્તનો અનુસાર જાહેર તથા ખાનગી ઉત્પાદનની વસ્તુઓની તરાહ અને પદ્ધતિઓ બદલાય છે. દા.ત. યુ.એસ.એ.માં મોટર ઉદ્યોગના વિકાસના પરિણામે રસ્તાઓના બાંધકામમાં ઊંચા દરે વધારો થયો હતો, જેના પરિણામે રાજ્યના ખર્ચમાં ગણનાપાત્ર વધારો નોંધાયો હતો. એ જ રીતે સંરક્ષણના ક્ષેત્રે શસ્ત્ર સરંજામ અને અન્ય સામગ્રીના સ્વરૂપમાં થયેલા ટેક્નોલૉજિકલ ફેરફાર જાહેર ખર્ચમાં વધારામાં પરિણમ્યા છે.

➢ યુદ્ધ અને સંરક્ષણ :

વીસમી સદીમાં જાહેર ખર્ચમાં વધારો થવા માટેનું બીજું એક મહત્ત્વનું કારણ યુદ્ધ અને સંરક્ષણ છે. બે વિશ્વ યુદ્ધોને પરિણામે રાજ્યના જાહેર ખર્ચમાં વ્યાપક વધારો નોંધાયો છે. આધુનિક યુદ્ધ ખૂબ જ ખર્ચાળ છે. અને સમગ્ર દેશને અસર કરે છે તેમજ સાધન સંપત્તિનો વિપૂલ પ્રમાણમાં ભોગ લે છે. પોતાના દેશની સમૃદ્ધિ અને સંપત્તિના રક્ષણ માટે સંરક્ષણ માટેનું મોટું ખર્ચ કરવું પડે છે. યુદ્ધ માટેની સાધન-સામગ્રીમાં સંશોધન અને શોધખોળોને પરિણામે ઝડપી ફેરફારો થતા હોય છે. જેના પરિણામે થોડા જ સમયમાં સાધન સામગ્રી નકામી અને બિનઅસરકારક બને છે. આમ દેશને અદ્યતન સાધનોથી સુસજ્જ રાખવા પાછળનો ખર્ચ સતત વધતો જાય છે. જાહેર ખર્ચના વૃદ્ધિના એક સબળ કારણ તરીકે અવશ્ય ગણાવી શકાય.

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે યુદ્ધ પૂરું થયા બાદ કેટલાક યુદ્ધકીય ખર્ચાઓ થવાના અને યુદ્ધ-પશ્ચાત સ્થિતિમાં અગાઉના નાગરિક અને સંરક્ષણ વિષયક ખર્ચાઓનું પ્રમાણ

પૂર્વવત્ જળવાઈ રહે તો યુદ્ધની જાહેર ખર્ચ પરની અસર કેવળ અલ્પકાલીન ગણાય. વિશ્વના વિકસિત દેશોમાં જાહેર ખર્ચનું લાંબા ગાળાનું અને સતત વૃદ્ધિનું વલણ જણાયું છે, તેમાં યુદ્ધ એક સહાયક કારણ હોય શકે, પરંતુ મૂળભૂત કારણ તો ન જ ગણાય. પરંતુ આ સામે એલન પિકોક અને જેક વાઈઝમેન જેવા અર્થશાસ્ત્રીઓએ બ્રિટનના જાહેર ખર્ચના કેટલાંક વર્ષોના (1890-1960) આંકડાઓના આધારે એવી રજૂઆત કરી કે યુદ્ધ (અને મહામંદી) જેવી આકસ્મિક ઘટનાઓને કારણે જ જાહેર ખર્ચમાં સતત વૃદ્ધિ થતી રહી છે. એટલે કે જાહેર ખર્ચના વધારા માટે યુદ્ધ એક મૂળભૂત કારણ છે.

➢ સમીક્ષા :

આધુનિક અર્થવ્યવસ્થામાં જાહેર ખર્ચ અનિવાર્ય બન્યું છે. જાહેર ખર્ચ વિવિધ હેતુઓ અર્થે કરવામાં આવે છે. મહત્તમ સામાજિક કલ્યાણ તેમાં અગ્રીમતા ધરાવે છે. તેથી જાહેર ખર્ચ કરકસરપૂર્વક થવો જોઈએ. જરૂરી હોય તેના કરતાં જાહેર ખર્ચ વધુ કરવો જોઈએ નહીઃ. બિનઉત્પાદકીય અને બિનજરૂરી જાહેર ખર્ચમાં ઘટાડો કરવો જોઈએ. જો કે મંદીની સ્થિતિમાં જાહેર ખર્ચમાં વધારો કરી શકાય અને ફુગાવાના સમયમાં જાહેર ખર્ચમાં ઘટાડો કરી શકાય છે. અર્થતંત્રમાં કુલ ઉત્પાદન, રોજગારી અને આવકમાં વધારો થાય તેમજ આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો, સામાજિક કલ્યાણમાં વૃદ્ધિ અને આર્થિક વિકાસને વેગ મળે તે માટે જાહેર ખર્ચમાં વધારો જરૂરી છે.

## 4.5 સારાંશ :

➢ જાહેર સત્તા દ્વારા કરવામાં આવતા ખર્ચને જાહેર ખર્ચ કહેવામાં આવે છે.

➢ જાહેર ખર્ચથી પ્રજાની કામ કરવાની ક્ષમતા અને વૃત્તિ ઉપર પણ અસર થાય છે. જે આગળ જતાં અર્થતંત્ર પર કુલ અસરો ઉપજાવે છે.

➢ જાહેર ખર્ચથી આવકની વહેંચણી તેમજ ઉત્પાદન ઉપર પણ અસર થાય છે. તેનાથી કુલ માંગ, ઉત્પાદન, રોજગારી વગેરે ઉપર પ્રભાવ પડે છે.

➢ જાહેર ખર્ચના મુખ્યત્વે બે પ્રકાર હોય છે. (1) મહેસૂલી ખર્ચ અને (2) મૂડી ખર્ચ તે દરેકના ઉદ્દેશો તેમજ અસરો ભિન્ન હોય છે. આ ઉપરાંત જાહેર ખર્ચના યોજનાકીય અને બિનયોજનાકીય એવા પ્રકારો પણ પાડવામાં આવે છે.

➢ સરકારનાં કાર્યોનો વ્યાપ વધતો હોવાથી જાહેરખર્ચ વધવાનું વલણ જોવા મળે છે.

➢ જાહેર ખર્ચ વધવાનાં કારણોમાં મુખ્યત્વે સંરક્ષણ પાછળનો ખર્ચ, વસ્તીવધારો, વહીવટીખર્ચ, આર્થિક વિકાસનાં કાર્યો વગેરે છે.

## 4.6 ચાવીરૂપ શબ્દો :

➢ જાહેર ખર્ચ :

સરકારના વિવિધ સ્તરો (પંચાયતો, નગરપાલિકાઓ, રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર) દ્વારા લોકાના સામાજિક કલ્યાણ માટે કરવામાં આવતો ખર્ચ

➢ જાહેર અર્થવિધાન :

સરકારના આવક-ખર્ચનું અર્થશાસ્ત્રીય વિશ્લેષણ કરતી અર્થશાસ્ત્રની શાખા, વધુમાં જાહેર

ક્ષેત્રના સિદ્ધાંતો અને સમસ્યાઓ કહેવામાં આવે છે.

➢ બચતવૃત્તિ :

બચતવૃત્તિ એ આવક અને બચત વચ્ચેનો સંબંધ દર્શાવે છે. બચતવૃત્તિ એ આવકની જુદી જુદી સપાટીએ વ્યક્તિ દ્વારા કરવામાં આવતી બચતનો નિર્દેશ કરે છે.

➢ નાણાંપંચ (Finance Commission) :

બંધારણની કલમ 293 હેઠળ રાષ્ટ્રપતિ દર પાંચ વર્ષે કે જરૂર જણાય તો તે પહેલાં પાંચ સભ્યોના બનેલા નાણાં પંચની નિમણૂક કરે છે, પંચનું મુખ્ય કામ વહેંચણીપાત્ર આવકમાંથી રાજ્યોને કેટલો હિસ્સો આપવો તેની ભલામણ કરવાની હોય છે.

➢ રાજકોષીય ખાધ (Fiscal Deficit) :

કરજ દ્વારા પ્રાપ્ત કરેલ આવકને બાદ કર્યા પછી રહેલ કુલ સરકારી આવક કરતાં કુલ સરકારી ખર્ચ વધી જાય ત્યારે તેને રાજકોષીય ખાધ કહે છે.

➢ અંદાજપત્ર (Budget) :

અંદાજપત્ર ગત વર્ષ દરમિયાન સરકારે કરેલી પ્રવૃત્તિઓની આવક-જાવકની નાણાંકીય માહિતી અને ચાલુ વર્ષના તથા નાણાકીય વર્ષ દરમિયાન ખર્ચ અને આવકના અંદાજોની માહિતી આપે છે.

➢ પ્રાથમિક ખાધ :

રાજકોષીય ખાધમાંથી વ્યાજ ચૂકવણીઓ બાદ કરીને પ્રાથમિક ખાધનું માપ મેળવવામાં આવે છે.

## 4.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો :

(1) જાહેર ખર્ચ એટલે શું? જાહેર ખર્ચની ઉત્પાદન, આવક અને રોજગારી ઉપરની અસરો વર્ણવો.

(2) જાહેર ખર્ચ એટલે શું? જાહેર ખર્ચ વધવાનાં વલણો ની ચર્ચા કરો તથા જાહેર ખર્ચ શા માટે વધે છે, તે જણાવો.

(3) જાહેર ખર્ચ એટલે શું? જાહેર ખર્ચના જુદા જુદા પ્રકારો સમજાવો.

(ખ) નીચે પ્રશ્નોના જવાબો ટૂંકમાં લખો :

(1) જાહેર ખર્ચાઓની ઉત્પાદન પરની અસરો પૈકી કામ કરવાની અને બચત કરવાની શક્તિ પરની અસરો સમજાવો.

(2) જાહેર ખર્ચની વહેંચણી પરની અસરના સંદર્ભમાં આવકની અસમાનતામાં ઘટાડો કઈ રીતે આવે છે, તે સમજાવો.

(3) ક્યાં બિનઆર્થિક પરિબળો છે કે જેના કારણે રાજ્યે જાહેર ખર્ચમાં વધારો કરવો પડે છે?

(4) રાજ્ય સરકારના વધતા ખર્ચ માટે ક્યાં પરિબળો જવાબદાર છે?

(5) વેગ્નર દ્વારા વધતા જતાં જાહેર ખર્ચ સંબંધિત ત્રણ પરિબળો સમજાવો.

(6) કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(7) કેન્દ્ર સરકારના મૂડી ખર્ચમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

(8) કેન્દ્ર સરકારના મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચનાં વલણો અંગેના મુદ્દા લખો.

❖ તમારી પ્રગતિ ચકાસો :

➢ નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.

(1) ક્યા અર્થશાસ્ત્રીએ વધતા જતાં જાહેર ખર્ચનો નિયમ આપ્યો?

(અ) વેગ્નર (બ) માર્શલ (ક) સ્મિથ

(2) જાહેર ખર્ચ દ્વારા વ્યક્તિની કામ કરવાની ઈચ્છા પર કેવા પ્રકારની અસર થાય છે?

(અ) ઘટાડો (બ) વધારો (ક) સ્થિર

(3) જાહેર ખર્ચની વહેંચણી પર સામાન્ય પ્રકારની કેવી અસર થાય છે?

(અ) અસમાનતામાં વધારો

(બ) અસમાનતામાં ઘટાડો

(ક) સ્થિર

(4) આર્થિક વિકાસના દર પર જાહેર ખર્ચની કેવી અસર થાય છે?

(અ) વધારો (બ) ઘટાડો (ક) સ્થિર

⇨ ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) ભટ્ટ, મહેશ (2001) 'જાહેર વિત્તવ્યવસ્થાના સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય.

(2) રાવલ, એમ.એન.(1976) 'આર્થિક સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય.

(3) ત્રિવેદી, રવિશંકર (1978) 'જાહેર અર્થવિધાનના સિદ્ધાંતો', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

(4) Musgrave R.A. and P.B. Musgrave (1989) "Public Finance in Theory and Practice", McGraw-Hill, New York.

(5) Lerner, A. P. (1952) 'The Essential Properties of Interted and Money', Quarterly Journal of Economics, Vol. 66-reprinted in his Essays in Economic Analysis (London: Macmillan, 1953).

(6) Mil, J.S., (1940 reprint). Principles of Political Economy, Ashley (ed.) London.: Longmans, Green

(7) Milton Briggs & Perly Jordan, (1935), Texbook of Economics, University Tutorial Press

(8) Misra, S.K., & Puri, V.K., (2015). Indian Economy. Himalaya Publishing House.

(9) Moulton, H.G., (5 October 2015), The Financial Organisation of Society, (3rd Ed.). Arkose Press.

(10) Musgrave, R.A. (1959). Theory of Public Finance, Mc Graw-Hill

(11) Robertson, D.H. (1948) Money. London: Pitman.

(12) Thoman, (January 1, 1924), Elements of Economics, St. Albans : The Donnington Press; First Edition

(13) Wicksell, K. (1935) Lectures on Political Economy, Vol. 2 (Money) (London: Geroge Routledge) - English translation, edited and introduced by Lionel Robbins


⇨ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(1) (અ) વેગ્નર (2) (બ) વધારો

(3) (બ) અસમાનતામાં ઘટાડો, (4) (અ) વધારો

*** *** ***